પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૪ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૮૭ | ૨૮ ડિસેમ્બર, ૨૦૧૬, બુધવાર ; માગશર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




## સોનાના ભાવ ૨૬૦૦૦થી નીચે પહોંચી શકે છે

મુંબઈ,તા. ૨૭

સોનાની કિંમત ૧૦૦૦ રૂપિયા વધુ ઘટીને ૨૬૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી નીચે પહોંચી શકે છે. કારોબારીઓ અને સોનાની ખરીદી કરવા ઈચ્છુક લોકો માટે ખુબ સારા સમાચાર છે. બીજી બાજુ ક્રૂડના ભાવ ૫૫ ડોલર પ્રતિબેરલ સુધી પહોંચવાના સંકેત દેખાઈ રહ્યા છેજેથી પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. નવા વર્ષમાં લોકોને સોનું ૧૦૦૦ રૂપિયા ઓછા ભાવમાં એટલે કે ૨૬૦૦૦ રૂપિયાની કિંમતે મળી શકે છે.

# રાજ્યમાં ગ્રામ પંચાયતમાં વિક્રમી મતદાન

**ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૧૨૦૯૩૬ ઉમેદવારો નોંધાયા : સરપંચ માટે ૨૬૮૧૩ ઉમેદવારોના ભાવિ સીલ**

**કેટલીક જગ્યાએ હિંસાના બનાવો બન્યા : નોટાનો પણ ઉપયોગ : ઉંચા મતદાનથી ગણતરીઓનો દોર**



અમદાવાદ,તા. ૨૭

ગુજરાતમાં આજે ૮૯૫૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉંચુ રેકોર્ડ મતદાન નોંધાયું હતું. હિંસાના કેટલાક છુટા છવાયા બનાવો વચ્ચે એકંદરે શાંતિપૂર્ણરીતે ૭૯ ટકાથી વધુ મતદાન થતાં રાજકીય પક્ષોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ઉંચા મતદાન બાદ ભાજપ અને કોંગ્રેસ તરફથી પોતપોતાનીરીતે પ્રતિક્રિયા આપવામાં આવી હતી. ગત ચૂંટણીમાં ૭૭ ટકા મતદાન નોંધાયું હતુંજેની સામે તેના કરતા વધુ મતદાન આજે નોંધાયું હતું. રાજ્યમાં ૧૨ જગ્યાએ મૃત્યુના કારણે મતદાન પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી હતી. મહિસાગર જિલ્લાના કડાણા અને લાઠીના નાનીરાખ ગામમાં ચૂંટણી પ્રક્રિયા વહીવટી કારણોસર રોકવામાં આવી હતી. આજે શાંતિપૂર્ણરીતે મતદાન પૂર્ણ થયા બાદ હવે ૨૯મી ડિસેમ્બરે મતગણતરી હાથ ધરવામાં આવશે જેથી ભારે સસ્પેન્સની સ્થિતિ હવે પ્રવર્તી રહી છે. ભારે ચર્ચા જગાવનાર ગુજરાતમાં ૮૯૫૪ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં આજે મતદાન પૂર્ણ થયું હતું. રાજ્ય ચૂંટણી કમિશનર વરેશ સિંહાએ મતદાન પાંચ વાગે સંપન્ન થયા બાદ આજના દિવસની મહત્વની માહિતીઓ પુરી પાડી હતી. તેમણે જણાવ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

## નોટબંધીથી આતંકવાદ, ડ્રગ માફિયાની કમર તુટી : મોદી

**નોટબંધીના એક જ પ્રહારથી અન્ડરવર્લ્ડ ખતમ : નોટબંધી એક સફાઈ ઝુંબેશ જે આગામી દિવસમાં જારી રહેશે કોંગ્રેસે ભ્રષ્ટાચાર વધારવામાં ભૂમિકા ભજવી છે**



દહેરાદૂન,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડમાં પરિવર્તન રેલી દરમિયાન નોટબંધીનો વિરોધ કરી રહેલા વિરોધ પક્ષોઉપર આકરા પ્રહારો કર્યા હતા. પરેડ ગ્રાઉન્ડ ઉપર લોકોને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે, નોટબંધીના નિર્ણયથી ટૂંકા ગાળામાં જ આતંકવાદ, ડ્રગ્સ માફિયા, અન્ડરવર્લ્ડ અને માનવ તસ્કરી કરનાર લોકોની દુનિયા ખતમ થઈ ચુકી છે. મોદીએ નોટબંધીને સફાઈ અભિયાન તરીકે ગણાવીને કહ્યું હતું કે, માત્ર બ્લેકમની જ નહીં બલ્કે કાળા મન ધરાવનાર લોકોએ પણ દેશને બરબાદ કરવામાં કોઈ કમી રાખી નથી. ચારધામ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરવા માટે પહોંચેલા મોદીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં દેશભરમાં જોરદાર સમર્થન મળ્યું હતું. ૩૦ વર્ષના ગાળા બાદ સંપૂર્ણ બહુમતિ વાળી સરકાર બની હતી.

● અનુસંધાન પાન-૭ પર

# નોટબંધી સંપૂર્ણ ફ્લોપ છે : રાહુલ - મમતા

**નોટબંધી અને પીએમ ઉપર ભ્રષ્ટાચાર મુદ્દે સંયુક્ત પ્રહારો : રાહુલ અને મમતા બેનર્જી એક મંચ પર દેખાયા પરંતુ વિપક્ષી એકતા નબળી દેખાઈ : વડાપ્રધાનના રાજીનામાની પણ મમતા બેનર્જી દ્વારા જોરદાર માંગણી**

નવીદિલ્હી, તા. ૨૭

નોટબંધી અને વડાપ્રધાન ઉપર અંગત ભ્રષ્ટાચારના મામલા ઉપર વિપક્ષે આજે કેન્દ્ર સરકાર ઉપર જોરદાર પ્રહાર કર્યા હતા. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આક્રમક અંદાજમાં આવીને કહ્યું હતું કે, નોટબંધી સંપૂર્ણપણે ફ્લોપ છે. મમતાએ આક્ષેપ કર્યો હતો કે, અચ્છે દિનના નામથી દેશને લુંટી લેવાનું કામ કરવામાં આવ્યું છે. જો કે, આજે વિપક્ષની એકતા એ વખતે નબળી દેખાઈ હતી જ્યારે ડાબેરીઓ, એનસીપી અને જેડીયુના નેતાઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા ન હતા. વિપક્ષની સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, વડાપ્રધાને દાવો કર્યો હતો કે, આ પગલું બ્લેકમની અને ભ્રષ્ટાચારની વિરુદ્ધ છે. રાહુલે કહ્યું હતુ ંકે, નોટબંધીના નિર્ણયથી કોઈપણ પ્રકારના કાળા નાણામાં ઘટાડો થયો નથી. આનાથી કાળા બજારી વધી ગઈ છે. કેશને બદલવા માટે એક નવી પ્રક્રિયા કાળાબજારની શરૂ થઈ ચુકી

● અનુસંધાન પાન-૭ પર







## ગોવા વિમાનીમથકે રનવે પર વિમાન લપસી જતા ઉત્તેજના

પણજી, તા. ૨૭

ગોવામાં આજે એક મોટી વિમાની દુર્ઘટના સહેજમાં ટળી જતા તંત્રને મોટી રાહત થઈ હતી. ગોવામાં ડાબોલિમ વિમાનીમથક પર આજે વહેલી સવારમાં જેટ એરવેઝનુ એક વિમાન ઉડાણ ભરવાની તૈયારીમાં હતુ ત્યારે જ તે રનવે પર એકાએક લપસી ગયુ હતુ. આ બનાવના કારણે તમામ ૧૬૧ યાત્રીઓનો સહેજમાં બચાવ થઈ ગયો હતો. કેટલાક યાત્રીઓને નજીવી ઈજા થઈ હતી. આ બનાવના કારણે વિમાનીમથકના અધિકારીઓમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી.

## યુપીમાં સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ સાથે મળી લડી શકે

લખનૌ,તા. ૨૭

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો પોત પોતાની તૈયારીમાં વ્યસ્ત બનેલા છે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની જીતને રોકવા માટે સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને અન્ય કેટલાક પક્ષો હાથ મિલાવી શકે છે. આ સંબંધમાં અંતિમ તબક્કાની વાતચીત ચાલી રહી છે. ટુંક સમયમાં જ આ અંગે નિર્ણય કરવામાં આવી શકે છે. ચૂંટણી નજીક આવતાની સાથે જ ગઠબંધનના પ્રયાસો પણ તીવ્ર બની જાય છે. જીત મેળવી લેવા માટે રાજકીયપક્ષો ગઠબંધનની રમત રમતા રહે છે.

હવે એક બાબત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને રાષ્ટ્રીય લોકદળ સાથે મળીને લડશે. આ સંબંધમાં સત્તાવાર જાહેરાત કોઈ પણ સમય કરવામાં આવી શકે છે. જાણકાર રાજકીય નિષ્ણાંતો માની રહ્યા છે કે આ ગઠબંધનના કારણે મુસ્લિમ મત એકબાજુ રહી શકે છે. સાથે સાથે તેમના પલાયનની સ્થિતી સર્જાશે નહી.




